

# 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ' ગ્રંથમાંથી **પરસન્મુખતાનો નિષેધ** તથા **પર્યાયથી નિરપેક્ષતા** વિષયક વચનામૃતો

## પરસન્મુખતાનો નિષેધ

વિચાર કરવો-નિર્વિચાર થવા માટે. મળવું-પછી નહિ મળવા માટે. (૫૩૮)

❁

સાચા દેવ, શાસ્ત્ર, ગુરુ પણ 'સ્વભાવ'ના (સ્વભાવ અપેક્ષાએ) અનાયતન છે. (૫૩૯)

❁

'આત્મધર્મ' મળ્યું, તેમાંથી 'એક જ આવશ્યક છે', તે વાંચતાં જ ચોંટ લાગી ! અરે ! આ આઠ દ્રવ્યોથી પૂજા કરવી ! છ આવશ્યક ! આ બધું તો બોજો લાગે છે; અને આમાં (એક આવશ્યકમાં) તો બોજો ઘટી જાય છે. (૫૫૬)

❁

ઉપયોગ ભગવાનની તરફ જાય તોપણ તે (અમને તો) જમનો દૂત દેખાય છે; તો (તેને) પછી બીજો કોઈ કહે કે 'અમારા પ્રત્યે રાગ કરો' તો તે કેવી રીતે બની શકે ? (અંગત) (૫૬૩)

❁

સમ્યગ્દષ્ટિને એક વિકલ્પ પણ ફાંસી લાગે છે; વિકસિત સ્વભાવમાં (વિભાવમાત્ર) ફાંસી લાગે છે. (૫૭૪)

❁

જેમાં થાક લાગે, તેને હેય જાણો. શુભાશુભમાં થાક લાગે છે; શુદ્ધભાવમાં થાક નથી લાગતો.
પર્યાયને પર્યાયના સ્થાનમાં રહેવા દો ! (૬૨૨)

## પર્યાયથી નિરપેક્ષતા

શાસ્ત્રમાં પરિણામ જોવાની વાત આવે છે તેથી (અજ્ઞાની) પરિણામ દેખતો રહે છે, ધ્રુવવસ્તુ રહી જાય છે. પરિણામને જ દેખતા રહેવામાં પરિણામની સાથે એકતા થાય છે. પરિણામીમાં એકતા રહેતી નથી. અનિત્યમાં નિત્ય ચાલ્યો જાય છે. પર્યાયની શુદ્ધિ આવી છે અને તેવી છે એવી પર્યાયની વાતમાં રસ પડી જવાથી નિત્યનું જોર રહેતું નથી. પર્યાયમાં જોર કરવાની તો આદત પડી જ છે. (૭૪)

❁

પ્રશ્ન : વસ્તુસ્વભાવનું લક્ષ થઈ જવાથી કાર્ય થાય જ ને ?

ઉત્તર : લક્ષ અને તેનું ધ્યેય બીજું હોવાથી વસ્તુ બીજી દેખાય છે, તેથી લક્ષની પર્યાયથી જોવું નહિ. (યથાર્થ લક્ષ્યમાં લક્ષ્ય કરવાવાળી પર્યાય ગૌણ થઈ જાય છે.) હું તો ખુદ વસ્તુ છું એમ જોવાથી લક્ષની પર્યાય ગૌણ થઈ જાય છે. ત્યાં તે પર્યાય ઉપર વજન નથી આવતું-મુખ્યતા નથી થતી. તેમાં મુખ્યતા ત્રિકાળીપણાની રહે છે. (૮૦)

❁

કોઈ એકાંત વેદાંતમાં ખેંચી જાય નહિ તેટલા માટે બન્ને વાત બતાવી છે. પર્યાય બીજામાં થતી નથી, કાર્ય તો પર્યાયમાં જ થાય છે એમ કહે તો ત્યાં (પર્યાયની રુચિવાળા) ચોંટી જાય છે આમ તો છે ને ! આમ તો હોવું જોઈએ ને !

અનુસંધાન પૃષ્ઠ સંખ્યા-૧૬

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૨ : અંક-૨૧૯, વર્ષ-૨૦, જાન્યુઆરી-૨૦૧૬


## જેઠ વદ ૬, ગુરુવાર, તા.૯-૬-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન-૪, ગાથા-૧૦ થી ૧૨

આ 'યોગસાર', આ શાસ્ત્ર 'યોગીન્દ્રદેવ' કૃત છે. જે 'પરમાત્મપ્રકાશ' બનાવ્યું છે એમણે આ બનાવ્યું છે. દસમી ગાથામાં બહિરાત્માની વ્યાખ્યા થોડી આવી છે, સાધારણ આવી હતી, આ વિશેષ વિસ્તારથી કરે છે. **'બહિરાત્મા પરને પોતાનો માને છે.'**

**देहादिउ जे पर कहिया ते अप्पाणु मुणेइ।**

**सो बहिरप्पा जिणभणिउ पुणु संसार भमेइ।।१०।।**

એ શ્લોક છે. આ આત્મા અખંડ આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ અભેદ પદાર્થ છે. એને છોડીને જે કંઈ આ શરીર, ઘર, ધન, ધાન્ય, મકાન, આબરૂ, કીર્તિ, શરીરની ક્રિયા કે અંદરમાં પુણ્ય-પાપના ભાવ (થાય) એ બધા મારા છે, એમ માને છે એ બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે.

જે સ્વરૂપમાં નથી. જ્ઞાન, આનંદ એ આત્માનું ત્રિકાળી શુદ્ધ આનંદ સ્વરૂપ છે. એમાં નથી એવા પુણ્ય-પાપના, શુભ-અશુભના વિકલ્પો અથવા ચાર ગતિ, છ કાય, લેશ્યા, કષાય આદિ ભાવ એ પરભાવ છે, એ આત્માનો સ્વભાવ નથી. એ દેહાદિ પરભાવ એમાં બધું આવી ગયું. શરીરથી માંડીને અંદર રાગની મંદતાના શુભભાવ એ બધા આત્માથી બાહ્ય છે. બરાબર હશે?

એ બાહ્ય જે છે, **'શરીર આદિ જિનકો આત્મા સે ભિન્न કહા ગયા હૈ...'** શાસ્ત્રમાં અથવા વસ્તુ સ્વરૂપમાં આત્મા આનંદ, જ્ઞાયક સ્વરૂપ અભેદ (છે), એનાથી એ દયા, દાન, વ્રતાદિના ભાવ કે હિંસાદિના ભાવ કે કષાય કે ગતિ, એ બધા આત્માના સ્વભાવથી બાહ્ય-બાહિર અંતર સ્વરૂપમાં નથી એવા બાહિર કહેવામાં આવ્યા છે. એવા બાહ્યભાવને આત્મા માને એને અહીંયાં મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા મૂઢ કહ્યો છે. સમજાણું કાંઈ?

**'देहादिउ जे पर कहिया'** જેને પર કહ્યા છે, એમ પાછો અહીંયાં શબ્દ છે. સર્વજ્ઞ પરમેશ્વરે આત્મા અખંડ જ્ઞાનાનંદ મૂર્તિ, એના સિવાય (જેટલા ભાવો છે તે બધાને પરભાવ કહ્યા છે). અહીં બે લીટીમાં આટલું નાખ્યું છે. એ તો એમાં એણે વિસ્તાર કર્યો છે. કોઈ સાધુ ગૃહસ્થનું ચારિત્ર પાળે અને એને આત્માનો સ્વભાવ જાણે તો એ સાધુ, શ્રાવક તો મિથ્યાદૃષ્ટિ છે. એ તો એણે શુભભાવની વ્યાખ્યા કરી છે. સમજાણું કાંઈ? શ્રાવક કે મુનિનો જે શુભભાવ વ્યવહાર છે ને? પંચ મહાવ્રતના, બાર વ્રતના વિકલ્પો છે, એના ષટ્ પ્રકારના, શ્રાવકના છ પ્રકારના કર્તવ્ય છે ને? વ્યવહાર કર્તવ્ય છે ને? દેવદર્શન, ગુરુપૂજા

વગેરે, એવું જે આચરણ છે, વ્યવહારે શુભરાગ છે. એમ મુનિને પણ પંચ મહાવ્રત આદિનું આચરણ એ રાગ શુભરાગ છે. એ આચરણ મારું છે અને એ આચરણથી મને હિત થાય એમ માનનાર(ની) દૃષ્ટિ બહિર્ છે, મિથ્યાદૃષ્ટિ છે, એની બહિરાત્મ દૃષ્ટિ (છે), અંતર દૃષ્ટિ નથી. સમજાય છે કાંઈ?

ત્યારે (કોઈ કહે કે), જ્ઞાનીને એવા ભાવ તો હોય છે. એવા ભાવ હોય છતાં એને પોતાનું સ્વરૂપ જાણતો નથી, તેનાથી હિત માનતો નથી. એવા શ્રાવક અને મુનિના વ્યવહાર આચરણના જે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચર, તપાચાર, વીર્યાચાર એવા (આચાર) આવે છે ને? કાળે ભણવું વગેરે નથી આવતું? એ..ઈ...! 'પ્રવચનસાર'માં તો એમ કહે, તમારે પ્રતાપે આમ થાશે. અહીં કહે છે કે, એવા ભાવથી લાભ માને તો એને બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. જુઓ! નાખ્યું એમાં, એ..ઈ...! ત્યાં તો નિમિત્તનું કથન કર્યું છે. 'પ્રવચનસાર'માં તો એવો ભાવ ત્યાં હોય છે એનું નિમિત્તનું કથન કર્યું છે. જ્ઞાનમાં વિનયથી ભણવું, કાળે ભણવું વગેરે આઠ બોલ આવે છે ને? સમકિતના વ્યવહારના આઠ બોલ આવે છે. ચારિત્રના આઠ, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, આમ જોઈને ચાલવું આદિ, તપના બાર પ્રકાર એ બધા વિકલ્પાત્મક ભાવ છે, રાગ છે. એ મારું સ્વરૂપ છે અથવા એનાથી મારું કલ્યાણ (છે એમ માને છે). જેનાથી કલ્યાણ માને (એ) એનું સ્વરૂપ માને, એને સાધન માને તોપણ તે મિથ્યાદૃષ્ટિ છે એમ અહીં તો કહે છે. ઈ સાધન નથી, સાધન, સ્વભાવમાં સાધન છે.



સમજાણું?

એ આવશ્યકકર્તવ્ય અંતરનું (છે), સ્વરૂપમાં ઠરવું ઈ. ઓલા વ્યવહાર આવશ્યક, એને પરમાર્થે આત્માનું સ્વરૂપ જાણે. **'देहादिउ जे पर कहिया'** જુઓ! **'देहादिउ जे पर कहिया'**. એ બધા પર છે. શુભ વિકલ્પો વૃત્તિ ઊઠે છે એ બધા પર છે, વિકાર છે, વિભાવ છે, સદોષ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એવા શુભ આચરણને (પરભાવ કહે છે). બીજી ભાષા, અહીંયાં તો અત્યારે લક્ષમાં એ આવ્યું હતું, ઉદયના બોલ છે ને? ભાઈ! ઉદયના બોલો, ઈ અત્યારે લક્ષમાં આવ્યું હતું. ૨૧ બોલમાં કોઈ બોલ જે છે એ આત્માનો માને તો બહિર્બુદ્ધિ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ : આત્માનું તત્ત્વ છે, એમ લખ્યું છે.

ઉત્તર : એ આત્માનું તત્ત્વ (કહ્યું) એ તો એક સમયની પર્યાયનું જ્ઞાન કરાવવા (કહ્યું છે). એક સમયની પર્યાયમાં એનું જ્ઞાન કરાવવા. વસ્તુદૃષ્ટિની દૃષ્ટિએ એ બહિર્ ભાવ છે. સમજાણું કાંઈ? એ...

**'देहादिउ जे पर कहिया'** અહીં તો ભગવાન કહે છે એમ આપણે સિદ્ધ કરવું છે. 'યોગીન્દ્રદેવ' એમ કહે છે ને કે, દેહ, શરીર, વાણી, મન, કર્મ, ધન, ધાન્ય, લક્ષ્મી, બાયડી, છોકરા આદિ એ બધું ભગવાનઆત્માથી જુદી ચીજ છે. એક કોર લીધી, આ તો હજી સ્થૂળ વાત કરી. હવે રહી અંદરમાં. આ બાહ્યની વાત થઈ, હવે અંદરમાં જે કંઈ શુભ પરિણામ ઊઠે છે, વિભાવના આચરણ, જેને વ્યવહાર આચરણ તરીકે શાસ્ત્રમાં કહ્યું એવા જે શુભ આચરણભાવ ઊઠે છે, એ

પણ ખરેખર બહિર્ભાવ છે. કેમકે અંતર સ્વભાવમાં છે નહિ અને અંતર સ્વભાવમાં રહેતા નથી. સમજાણું કાંઈ? અંતર સ્વભાવમાં છે નહિ અને અંતર સ્વભાવમાં શુદ્ધ ચિદાનંદની મૂર્તિ ભગવાનઆત્મા છે. એમાં એ દયા, દાન, વ્રતાદિના શુભ વિકલ્પો કે જ્ઞાનાચાર, દર્શનાચારના પરિણામ એ વિભાવ છે. એ જ્ઞાનાનંદ સ્વરૂપમાં નથી તેમ તે જ્ઞાનાનંદની પૂર્ણ પ્રાપ્તિ થાય ત્યારે તે રહેતા નથી માટે એની ચીજ નથી. સમજાણું કાંઈ? આહા..!

'**देहादिउ जे**' આમ વાપર્યું છે ને? ભગવાન એક બાજુ રહી ગયો. એક સમયમાં અખંડ આનંદકંદ અભેદ ચિદાનંદની મૂર્તિ, એને આત્મા તરીકે જાણે તો તો સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન થયું. એ તો જેવો જેનો સ્વભાવ તે રીતે તેનો સ્વીકાર. અને આવો આત્મા ન માનતા એ આત્માથી બાહ્ય ચીજો જે વિકલ્પાદિ ઊભી થાય, જે એમાં નથી, ઉત્પન્ન થાય છતાં એના સ્વભાવમાં રહેતી નથી ને એના સ્વભાવને સાધનરૂપે મદદ કરતી નથી. સમજાણું કાંઈ? આહાહા..!

દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવો વિકલ્પ શુભ છે એ ખરેખર બહિર્ભાવ છે, વિભાવ છે. પંચ મહાવ્રતના પરિણામ, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એ પણ એક વિકલ્પ, વિભાવ છે. એ એનું સ્વરૂપ નથી. એ વિભાવને સ્વભાવ માને કે વિભાવને સ્વભાવનું સાધન માને કે વિભાવ મારી ચીજમાં છે એમ માને (એ બહિરાત્મા છે). સમજાણું કાંઈ? 'શાંતિભાઈ'! શું હશે આ? ભારે..! કહો, સમજાણું?

એ પુણ્ય પરિણામ અને પુણ્યના ફળ, શુભભાવ એનું બંધાણું પુણ્ય, આ એના ફળ તરીકે તમને આ હજારનો પગાર મળે છે. એ ત્રણે મને મળે, એમ માનવું એ મૂઢ છે, એમ અહીં કહે છે, ભાઈ! એને શેર માર્કિટમાં હજારનો પગાર મળે છે. એ આવ્યા હતા, નિવૃત્તિ લઈને આવે છે. આ તો પુણ્યના પરમાણુઓ અને પુણ્યના ભાવ અને એના ફળની બહારની વિચિત્રતા જુઓ! એ ભપકે વધ્યો એમ માનનારો મૂઢ છે, એમ કહે છે. આહાહા..! એ..ઈ...! 'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું? શું કુટુંબ કે પરિવારથી..' એ વધ્યું (તો) તું વધ્યો? કે ગુમડાં વધ્યા? ગુમડાં સમજો છો? ફોડા.. ફોડા! ગુમડાં થાય છે.

એક શેઠને હતું. આપણા એક ભાઈ હતા ને? 'બ્યાવર... બ્યાવર' ને? નહોતા એક શેઠ? આપણે આહાર કરવા ગયા હતા. 'બ્યાવર'માં શેઠ હતા ને? ગૃહસ્થ માણસ, ખાનદાન માણસ, મોટા ગૃહસ્થ. પણ આખા શરીરમાં સોપારી સોપારી જેટલા (ગુમડા). આખા શરીરમાં આવડી આવડી ગાંઠું, હોં! 'બ્યાવર'માં શેઠ હતા. એને ત્યાં આહાર કરવા ગયા હતા. મોટા ગૃહસ્થ, આબરૂદાર. મોટા શેઠિયા, મોટા માણસ. શરીર જુઓ તો બધે આવડી આવડી ગાંઠ્યું નીકળેલી બધે, હોં! સોપારી (જેવી). એવા ગૃહસ્થ હતા. લાખ દવાઓ કેટલી કરતા હશે? ધૂળમાંય કાંઈ ન થયું, મરતા સુધી શરીર એમને એમ રહ્યું, લ્યો! એ મને થયું એમ માનવું તે બહિરાત્મબુદ્ધિ છે, એમ કહે છે. એ આત્મામાં થયું નથી, એ તો જડની દશામાં છે.

એમ જડની દશામાં સુંદરતા, કોમળતા, આકૃતિ, નમણાઈ વગેરે જડની દશામાં થતાં 'મને થયું', 'એ મને થયું, એ હું છું, હું રૂપાળો છું, હું નમણો છું, હું સુંદર છું' એ બુદ્ધિ શરીરાદિને, પરને પોતાનું માનનારની બુદ્ધિ છે. સમજાણું કાંઈ?

'**શરીર આદિ...**' આદિમાં બધું નાખ્યું છે, હોં! '**જેને આત્માથી ભિન્ન કહેવામાં આવ્યા છે...**' ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે પરમાત્મ સ્વરૂપ પોતાનો નિજ સ્વભાવ, સચ્ચિદાનંદ સ્વરૂપ જ્ઞાયકમૂર્તિ અખંડાનંદ ધ્રુવ, અનાદિઅનંત સ્વભાવ, એનાથી જેટલા બહિર્ભાવ (છે) એને પોતાના માને, એનાથી પોતાને લાભ માને એમ એ મારું કર્તવ્ય છે એમ માને. લ્યો! આવા કર્તા નીકળે છે કે નહિ? યાદ આવ્યું. સમજાણું કાંઈ? જેને રાગાદિને જેનું

કર્તવ્ય સ્વીકારે તે કર્તવ્યથી જુદો કેમ પડે? કહો, સમજાણું? એ શુભભાવ દયા, દાન, ભક્તિ, વ્રતાદિના શુભભાવ એ મારું કર્તવ્ય છે અને હું ખરેખર એનો રચનાર છું, એમ જે માને તેવા કર્તવ્યને કેમ છોડે? એવા કર્તવ્યનો માનનાર તે બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહાહા..!

મુમુક્ષુ : વ્યાખ્યા લાંબી બહુ થઈ ગઈ.

ઉત્તર : લાંબી થઈ ગઈ. મગજમાં ઉદયભાવ યાદ આવી ગયા. આ તો થોડા બોલ છે, ઘણા બોલ છે એમાં, નહિ? અસિદ્ધભાવ, લ્યોને! અસિદ્ધભાવ. આ વાંચતા ઉદયભાવ મગજમાં આવી ગયા. ઉદયભાવ કેટલો અસિદ્ધ છે? ચૌદમાં ગુણસ્થાન સુધી અસિદ્ધભાવ છે. એ બધો અસિદ્ધભાવ, અપૂર્ણભાવ, મલિનભાવ, વિપરીતભાવ, ખંડખંડભાવ... સમજાય છે કાંઈ? એને પોતાનું સ્વરૂપ માને, એ બહિર્વસ્તુ છે. ભગવાન અંતર ચિદાનંદની મૂર્તિ અખંડ આનંદકંદ ધ્રુવ ચૈતન્ય છે. એને પોતાનું સ્વરૂપ ન માનતાં, જે એમાંથી નીકળી જાય છે, ટકતું નથી, ટકતા તત્ત્વ સાથે જે ટકતું નથી, એને પોતાના માને તેને બહિરાત્મા મૂઢ જીવ કહે છે. ભારે વ્યાખ્યા આકરી! એ..

'બહિર્' એમ શબ્દ છે ને અહીં તો? 'બહિર્' **'देहादिउ सो बहिरप्पा... बहिरप्पा'** બાહિર્માં આત્મા માનનારો, એમ. ભગવાનઆત્મા જ્ઞાયકની મૂર્તિ, ચૈતન્યસૂર્ય, અનાકુળ આનંદનો કંદ, એવું સ્વતત્ત્વ સ્વયંસિદ્ધ, એને પોતાનું ન માનતા એનાથી બાહ્યના કોઈપણ વિકલ્પ આચારાદિના, વ્યવહાર આચારના, હોં! વ્યવહાર ક્રિયાના, વ્યવહાર મહાવ્રતના.. સમજાય છે કાંઈ? સમકિતના વ્યવહાર શ્રદ્ધાના આઠ વિકલ્પો, જ્ઞાનાચારના, ચારિત્રાચારના વ્યવહારના, એ બધા વિભાવો એ મારો સ્વભાવ છે અથવા એ વિભાવથી મારું હિત થશે, એમ માનનાર એ વિભાવને જ બહિર્, બહિર્ને જ આત્મા માને છે. છે ને? **'देहादिउ जे पर कहिया ते अप्पाणु मुणेइ।'** તેને આત્મા જાણે. આપણે શબ્દાર્થ કરીએ (છીએ). આ તો મહાસિદ્ધાંત છે. આહાહા..! કહો, સમજાણું આમાં?

**'देहादिउ जे पर कहिया'** એક સ્વ રહી ગયો, એ સિવાય (બાકી બધું) પર. **'ते अप्पाणु मुणेइ।'** તેને આત્મા માને અર્થાત્ એનાથી હિત માને અર્થાત્ એ પુણ્ય-પાપના રાગાદિ વિભાવ આચારને પોતાના સ્વભાવનું સાધન માને તો સ્વભાવ અને વિકાર બે એક માનનારા એને જ આત્મા માને છે. **'सो बहिरप्पा'** એની દૃષ્ટિ જ ચિદાનંદ જ્ઞાયકભાવ તરફ નથી, એની દૃષ્ટિ ત્યાં આગળ એ ખંડખંડ આદિ રાગાદિ ભાવ કે અલ્પજ્ઞ આદિ, એમાં જેની બુદ્ધિ પડી છે એ બધા (બહિરાત્મા છે). ઓલામાં કહ્યું હતું ને? પંડિત. ભેદવિજ્ઞાની પંડ્યા. એટલે બુદ્ધિવાળો એમ કીધું ને? અહીં અપંડ્યા લેવું, એમ મારું કહેવું છે. હેં?

પુણ્ય-પાપના રાગભાવ, શરીરભાવ, વાણી, એનાથી ભિન્ન એવું ભેદજ્ઞાન, એવું પરથી ભેદજ્ઞાન, સ્વભાવ તરફની એકતા (જેને થઈ છે) એને પંડિત કહ્યો. એ જીવને અંતરાત્મા કહ્યો, એને આત્મા છે તેવો જાણ્યો, માન્યો કહ્યો. એનાથી વિરૂદ્ધ વિકલ્પ, રાગાદિને પોતાનું સ્વરૂપ માને તેને અપંડ્યો કહ્યો. એટલે એકત્વબુદ્ધિવાળો કહ્યો એટલે અપંડ્યો કહ્યો એટલે મૂરખ કહ્યો, બહિરાત્મા કહ્યો. આ તો વળી ઓલા પંડ્યા ઉપર મગજ ગયું કે, પંડ્યા એટલે શું હશે? એમાં લખ્યું છે, પંડ્યા એટલે બુદ્ધિ. ભેદવિજ્ઞાનની બુદ્ધિ. અને આ (અજ્ઞાની) અભેદ (માને છે). સ્વરૂપમાં રાગ અને પુણ્ય ભિન્ન છે એને એક માનનારા તે અપંડ્યા, મૂર્ખ અને બહિરાત્મા છે. સમજાણું કાંઈ?

**'सो बहिरप्पा जिणभणिउ'** દેખો! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, જેને એક સમયમાં સેકંડના અસંખ્ય ભાગમાં જ્ઞાનની જ્યોત, કેવળજ્ઞાનપણે પૂર્ણ પ્રગટ થઈ ગઈ, ચૈતન્યસૂર્ય અંદર સત્ત્વ આખું પડ્યું છે, સર્વજ્ઞ સ્વભાવી સત્ત્વ. આત્મા એટલે સર્વજ્ઞ-જ્ઞ-સ્વભાવી, જ્ઞ-સ્વભાવી,

જ્ઞ સાથે પૂરું જ્ઞ લ્યો તો સર્વજ્ઞસ્વભાવી, એવો ભગવાનઆત્મા સર્વજ્ઞસ્વભાવી વસ્તુ આત્મા, એનું અંતર ધ્યાન કરીને જે સર્વજ્ઞ સ્વભાવ જેની દશામાંઅવસ્થામાં પ્રગટ થઈ ગયો એવા સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે કે, આવા સર્વજ્ઞસ્વભાવી આત્મા સિવાય બીજી ચીજને પોતાના લાભને માટે માને, હિતને માટે માને એટલે પોતાની માને એને બહિરાત્મા કહેવામાં આવે છે. કહો, સમજાય છે કે નહિ આમાં? એ.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. એ ભગવાન.. ભગવાન.. ભગવાન કરે એ વિકલ્પ છે, કહે છે. આ વિકલ્પથી આત્માને લાભ માનનારો બહિરાત્મા છે, એમ અહીં કહે છે, લ્યો!

મુમુક્ષુ : બહુ પાકુ કરાવ્યું આપે.

ઉત્તર : પાકું કરાવી લેવું છે, એની શૈલી પ્રમાણે બોલે ને! કહો, શું છે આમાં?

એક, બે વસ્તુ છે. એક કોર ભગવાન પૂર્ણાનંદનો નાથ પરમાત્મસ્વરૂપ પોતે પરમસ્વરૂપ (છે). આત્મા એટલે પરમસ્વરૂપ. શુદ્ધ ધ્રુવ ચૈતન્ય ભગવાન પરમસ્વરૂપ આત્મા, એને પોતાનું માનવું એ તો સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન ને ધર્મદશા થઈ. એવું એણે અનંતકાળથી માન્યું નથી. એવા સ્વભાવથી વિરુદ્ધ અલ્પજ્ઞ અવસ્થા, અલ્પદર્શી, અલ્પવીર્ય કે પુણ્ય-પાપના વિકલ્પો કે સંયોગી બાહ્ય ચીજ, એમાં ક્યાંય પણ મને સાધન છે, હિતકર છે, લાભકારક છે, મારા છે, એમાં હું છું, એ મારા છે એવી માન્યતાને '**बहिरप्पा**' (કહે છે). એ આત્મા અંતરમાંથી ઉછળીને બહારને પોતાનું માને છે. સમજાણું કાંઈ? હેં? બધું આવી ગયું? મંદિર ને પૂજા ને જાત્રા ને એ બધા વિકલ્પો છે એ મારા છે (એમ માનનારો બહિરાત્મા છે). (એ) હો ભલે, પણ વિભાવ તરીકે હેય છે.

મુમુક્ષુ : રોજ પૂજા કરે છે બધાય.

ઉત્તર : કોણ કરતું હતું? કરે છે કે દિ'? કર્યું હતું હમણાં? હમણાં આમાં પૂજા કરી કે નહિ? આજે હતી ને સમવસરણની (પૂજા)? આજે વહેલી માંડી હતી. સવા સાતે (હોય પણ) આજે સાત (વાગે) હતી. એમ કહેતા હતા ને? કો'ક કહેતું હતું? હો, એને કાળે ભાવ હો, પણ એ ભાવ અંતરમાં સ્વરૂપના શાંતિને કે સ્વરૂપની અખંડતાને એ ભાવ કંઈ મદદ કરે છે કે સ્વભાવને લાભ કરે છે, એમ નથી. છતાં એ ભાવ વ્યવહાર તરીકે આવ્યા વિના રહેતો નથી. આરે.. આરે...!

જેમ આત્મા છે, પરિપૂર્ણ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ અખંડાનંદ એક છે. એમ આ શરીરાદિ જડ પણ છે કે નહિ? માટી આદિ છે, આ રજકણો છે કે નહિ? એમ વસ્તુ એકરૂપે પ્રભુ અંતર શુદ્ધ ચૈતન્યનું ભાન થવા છતાં જેમ બીજી ચીજ કંઈ ચાલી નથી જતી, એમ અંદરમાં જ્યાં સુધી પૂર્ણ દશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આવા વ્યવહાર ઊભા હોય છે, પણ એ પર તરીકે હોય છે, સ્વ તરીકે ખતવવા માટે હોતા નથી. આહાહા..! ભારે વાત આકરી. એ.. શું પણ ત્યારે આવું કહેશે તો આખો દિ' કોઈ (કંઈ) નહિ કરે. ક્યાં ગયા?

મુમુક્ષુ : હોંશ ઊડી જાય છે.

ઉત્તર : હોંશ ઊડી જાય છે! સત્યનું તો સત્ય સ્વરૂપ છે એમ રાખવું જોઈએ. સત્‌ના કાંઈ ખંડ કરવા જોઈએ? સત્ય વસ્તુને વસ્તુ તરીકે રાખો, ફેરફાર કરશો નહિ. આહાહા...! કહો, કેવું છે? આવી આકરી વાત (સાંભળશે) તો 'ઇન્દોર'વાળા બધા રાડ પાડશે.

અહીં તો કહે છે કે, શ્રાવકનો વ્યવહાર આચરણ અને સાધુનો વ્યવહાર આચરણ, એ પણ મને હિતકર છે એમ માનનાર બહિરાત્મા મિથ્યાદષ્ટિ છે, એમ કહે છે. કારણ કે અહીં તો ઉદયભાવમાં રાગ લીધો છે ને? સમજાણું કાંઈ? ભગવાનઆત્મા. વળી પાછું કર્યા વિના રહે નહિ. કેટલાક વળી એમ કહે છે. ભાઈ! તને ખબર નથી, બાપુ! એ ભાવ હોય છે, આવે છે. આત્માનું કર્તૃત્વ

નથી પણ કમજોરીના કાળમાં એ ભાવ આવે છતાં હિતકારી નથી. હિતકારી નથી તો લાવે શું કરવા? લાવતો નથી, પણ આવે છે. આહાહા..! આહા..હા...! એ..

'**बहिरप्पा जिणभणिउ**', '**जिणभणिउ**'. વીતરાગ પરમેશ્વરે એમ કહ્યું છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા પૂર્ણ દશા જ્યાં પ્રગટ થઈ, વાણીમાં ઇચ્છા વિના આ વાત આમ આવી છે. આહાહા..! એ.. આ ભારે વાત, ભાઈ! ઓલા કેટલાક કહે કે, આ 'સોનગઢ'ની (વાત ભારે છે). પણ આ 'સોનગઢ'ની છે કે કોના ઘરની છે આ?

મુમુક્ષુ : 'સોનગઢ'નું હોય તો વાંધો શું છે?

ઉત્તર : પણ એ 'સોનગઢ'નું એટલે આવું, એમ એના મનમાં (હોય). એકલું એકાંત.. એમ. અમારું અનેકાંત છે, એમ કહે.


અહીં કહે છે કે, એ બહારના વિકલ્પો છે, ભાઈ! હો, પણ એ કંઈ આત્માનું કલ્યાણ કરનાર છે ને આત્માનું સ્વરૂપ છે, એમ માનવું તે મિથ્યાત્વ છે. મારા સ્વરૂપમાં હું છું અને એ મારામાં નથી. એનું નામ અનેકાંત કહેવામાં આવે છે. પણ એ હું શુદ્ધ પણ છું અને મલિનભાવ પણ હું છું, એમ અનેકાંત હોઈ શકે? સમજાણું કાંઈ? હું નિશ્ચય સ્વરૂપે શુદ્ધ અખંડ આનંદ છું, તેમ વ્યવહાર સ્વરૂપે વિકલ્પ અને વિભાવ પણ હું છું, એમ કાંઈ હોઈ શકે? સમજાણું કાંઈ? ભારે વાત પણ. એણે કોઈ દિ' અનંતકાળમાં આ વાત લક્ષમાં લીધી નથી. આહાહા..!

'**सो बहिरप्पा जिणभणिउ**' '**એમ જિનેન્દ્રદેવે કહ્યું છે.**' '**पुणु संसार भमेइ**' બસ! ફરીને એમ ને એમ પરિભ્રમણ કરશે. અનાદિકાળથી એમ પરને પોતાનું માનતો આવે છે અને પરને એણે છોડવું નથી, તો પરને છોડવું નથી એટલે પરમાં તે પરિભ્રમણ કરશે. '**पुणु संसार भमेइ**' જુઓ! વારંવાર. એમ વળી '**पुणु**'નો (અર્થ કર્યો). '**સંસારમાં ભ્રમણ કર્યા કરે છે.**' આવો આત્મા અનાદિકાળથી આત્માની મૂળ ચીજને જાણ્યા વિના, અસલી સ્વભાવને જાણ્યા વિના, વિકૃત રૂપને પોતાનું સ્વરૂપ માનીને (પરિભ્રમણ કર્યા કરે છે). કહો, સમજાણું?

એક માણસ હોય, નથી આ રૂપ ધારણ કરતાં? માથે ઓલું કરે ને આમ (કરે). મુસલમાન બહુ કરે. માથે કપડા ઓઢે ને લૂગડું બાંધે ને આમ કરે. એ તો જાણે છે કે હું તો માણસ છું, હું આ નથી. હાથી જેવું રૂપ ધારણ કરે. આમ માથે સોડ નથી તાણતા? હેં? હાથીના ખોળા નાખે. હેં? આમ કરે છે, મેં જોયું હતું. એક ફેરી ત્યાં અપાસરા પાસે નીકળ્યું હતું. અપાસરા પાસે નીકળ્યું હતું. બધું એક એક વાર તો સરખું જોઈ લીધું છે. ઈ માણસ નીકળ્યો હતો ને માથે હાથીનું ઓલું (કરેલું). આ જુઓ! પણ એ માનતો હશે કે, હું હાથી નથી. હેં?

એમ આ શરીરના ખોળા માથે લાલ ચામડાના, આ વાણી ધૂળની અને આ માને કે, મારી. હવે એનું કરવું શું? અને એમાં પુણ્ય ને પાપના ભાવ ઊઠે એ ઝીણા ચામડાના કટકા છે. એ કંઈ આત્માનો સ્વભાવ નથી. વિભાવ.. વિભાવ, વિકાર, સદોષ, ઉપાધિ (છે). એને પોતાનું સ્વરૂપ માને, વિકૃત રૂપને અવિકૃત માને. વિકૃતરૂપ કહ્યું ને? હાથીને, માણસ હતો એને પોતાનું માને. એમ આત્મામાં થતી વિકૃત દશા, શુભાશુભભાવ એના સંબંધ ને એના ફળ, એને પોતાની માનનાર વિકૃતને જ અવિકૃત માને તે વિકૃતને કેમ છોડે? તેથી વિકૃતમાં ફરી ફરીને ભ્રમણ કરશે. લ્યો, એ દસમી ગાથા થઈ.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જાન્યુઆરી-૨૦૧૬)નું શુલ્ક શ્રી ધર્મેન્દ્રભાઈ ન્યાલચંદ વોરા, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૩૬૪ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા.૧૫-૧૦-૧૯૮૩, પ્રવચન નં.૧૮૪ (વિષય : વિધિ)**

**આત્મા અચિંત્ય સામર્થ્યવાળો છે. તેમાં અનંત ગુણસ્વભાવ છે, તેની રુચિ થયા વિના ઉપયોગ પરમાંથી પલટીને સ્વમાં આવી શકતો નથી. પાપ ભાવોની રુચિમાં પડ્યા છે તેની તો શું વાત ! પણ પુણ્યની રુચિવાળા બાહ્ય ત્યાગ કરે, તપ કરે, દ્રવ્યલિંગ ધારે તોપણ શુભની રુચિ છે ત્યાં સુધી ઉપયોગ પર તરફથી પલટીને સ્વમાં આવી શકતો નથી. માટે પહેલા પરની રુચિ પલટાવવાથી ઉપયોગ પર તરફથી પલટીને સ્વમાં આવી શકે છે. માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે. ૩૬૪.**

(સ્વરૂપની) સંપ્રાપ્તિનો ઉપાય વિધિનો ક્રમ શું છે એમ કહ્યું છે. આત્માનું હિત કરવા ઈચ્છનારા જીવો જો ક્રમને ન જાણે અને અવિધિએ ઉપાય કરવા ચાહે તો તેથી તેને આત્મલાભ થતો નથી. એ વિષયનું આમાં સ્પષ્ટીકરણ છે.

'**આત્મા અચિંત્ય સામર્થ્યવાળો છે. તેમાં અનંત ગુણસ્વભાવ છે, તેની રુચિ થયા વિના ઉપયોગ પરમાંથી પલટીને સ્વમાં આવી શકતો નથી.**' શું કહે છે ? ગુણની રુચિ થયા વિના ઉપયોગ પલટો મારે, અનાદિથી પર તરફ બહિર્મુખ ભાવે વર્તતો ઉપયોગ અથવા સર્વ ગુણના પરિણામ. આત્માના સર્વ પરિણામ જે પરાશ્રિતપણે વર્તી રહ્યા છે એ પલટો મારીને સ્વમાં આવે એનું મૂળ કારણ શું ? ક્યારે એ પલટો મારે ? જો ગુણની રુચિ થાય તો. ગુણની રુચિ કહો, સ્વભાવની રુચિ કહો.

પહેલો જે ટૂકડો છે કે '**આત્મા અચિંત્ય સામર્થ્યવાળો છે.**' એવો એને ઓળખવો જોઈએ. આત્મામાં જે સામર્થ્ય ભર્યું છે, શક્તિઓનો સમૂહ છે, અનંત અનંત સામર્થ્ય છે. વિચાર અને ચિંતવનમાં જેનો સમાવેશ ન થઈ શકે, અનુમાનમાં જેનો સમાવેશ ન થઈ શકે એટલું સામર્થ્ય એમાં, અગાધ સામર્થ્ય ભર્યું છે. અને એ સામર્થ્યમાં '**અનંત ગુણસ્વભાવ છે,...**'

આમ તો ગુણ છે એ શાંત છે. ગુણ છે એ બધા, આત્મગુણો છે એમાં બધે શાંતિ વ્યાપેલી છે. ક્યાંય અશાંતપણું નથી. છતાં એ શાંત સ્વભાવનું સામર્થ્ય કેટલું ? કે અનંત સામર્થ્ય છે એની અંદર. શાંતિમાં આટલું સામર્થ્ય છે. શાંતપણામાં, શાંત સ્વભાવમાં આટલું સામર્થ્ય છે. મેરુ હલે પણ આત્માનો સ્વભાવ એમાંથી વિચલિતતા થાય એવું બનતું નથી. એ એના અડગ સામર્થ્યને સૂચવે છે. આવો અંદરમાં સ્વભાવ છે. આત્મસ્વભાવ સદાય એકરૂપ રહેતું તત્ત્વ ક્યારે પણ પોતાના સ્વરૂપથી વિચલિત થતું નથી. નિગોદમાં અનંત કાળ જીવ જાય તોપણ એનો સ્વભાવ સામર્થ્યમાં કિંચિત્‌માત્ર ફેર પડતો નથી.

અનંત કાળથી સિદ્ધાલયમાં સિદ્ધ પરમાત્મા અનંત ચતુષ્ટયથી પોતાના સ્વરૂપની પુષ્ટિરૂપ પરિણામે પરિણમે છે. તો સ્વરૂપ પુષ્ટ થયું ? સ્વરૂપ તો એ જ્યાં અનંત કાળથી સિદ્ધોને છે એવું જ વર્તમાનમાં નિગોદના જીવોને છે. અને હવે પછીના સર્વ કાળમાં સ્વભાવની, સ્વરૂપની,

સામર્થ્યની સ્થિતિ તો એની એ જ છે. એમાં કોઈ ફેર પડતો નથી.

એવા સ્વભાવની અંતર રુચિ થયા વિના, એમ કહે છે. '**ઉપયોગ પરમાંથી પલટીને સ્વમાં આવી શકતો નથી.**' આ એનું મૂળ કારણ છે. અવિધિએ કરીને સ્વરૂપસ્થિરતા કરવાનો ઉપાય અનેક જીવો કરે છે. અન્યમતમાં એ સમાધિ અને ધ્યાનનો વિષય તો છે કે આત્મામાં સમાધિ લગાવો, ધ્યાન કરો અને એના યોગ ને પ્રયોગ ને અનેક પ્રકારે એની ક્રિયાઓ, ધ્યાનની પણ અનેક પ્રકારે પંચાગ્નિ તપ તપીને પણ કરે છે. આત્મામાં ઉપયોગ સ્થિર કરવો છે એટલી જ વાત છે ને ? એમ કહે છે. પણ એનું મૂળ કારણ જાણ્યા વિના કોઈ રીતે ઉપયોગ પલટી શકતો નથી. એ એની વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે આમ તો.

આ એનું વિજ્ઞાન છે કે રુચિ પલટાયા વિના કોઈનો ઉપયોગ ફર્યો હોય, ઉપયોગ પલટો મારે એવું બનતું નથી. અથવા અનાદિની રુચિ પર ઉપરની છે. એ રુચિ એમ ને એમ રહે અને ઉપયોગ ફરી જાય એવું કદી કોઈને બનતું નથી. કેમકે રુચિને અનુસરતો પુરુષાર્થ છે. રુચિ અનુયાયી વીર્ય. પુરુષાર્થ તો રુચિને અનુસરીને થવાનો છે. સ્વરૂપમાં ઉપયોગ આવવાનો પુરુષાર્થ ઊંધી રુચિમાં કેવી રીતે થઈ શકે ? કે પુરુષાર્થની દિશા ત્યાં બદલતી નથી. જ્યાં આત્માની ઓળખાણ થાય ત્યાં એની અનન્ય રુચિ ઉત્પન્ન થાય. ત્યાં એનો પુરુષાર્થ-ચૈતન્યવીર્યની સ્ફુરણા ઉત્પન્ન થાય. એ ચૈતન્યવીર્યની સ્ફુરણા છે, જોર છે, સ્વભાવ પ્રત્યેનું જે જોર છે, મહિમાનું, સ્વરૂપની મહિમાનું જે જોર છે એ જોરના પાયામાં રુચિ રહી છે. રુચિ ન સમજાય પણ જોર તો સમજી શકાય એવો વિષય છે. એ જોર થવાનું કારણ સ્વરૂપની રુચિ છે. પોતે આવો નિર્દોષ પરમાત્મા છે એમ જ્યાં પોતાને ભાસે ત્યાં એને ગુણની અનન્ય રુચિ ઉત્પન્ન થયા વિના રહે નહિ.

એક તો નિર્દોષતાનો ચાહક છે, પરિપૂર્ણ નિર્દોષતાનો અભિલાષી છે, એને પરિપૂર્ણ નિર્દોષ પરમ તત્ત્વ પોતામાં જ ભાસે એને એ નિજતત્ત્વની, સ્વતત્ત્વની અંતર અનન્ય રુચિ, અપૂર્વ રુચિ પ્રગટે છે. એ રુચિ ઉપયોગને પલટાવી નાખે છે. એ રુચિ ઉપડી તે ઉપયોગને પલટાવી નાખે છે પછી. રુચિ થયા પછી રુચિથી વિરુદ્ધ એવા જે વિભાવભાવો છે એનો નિષેધ શરૂ થઈ જાય છે. એ અરુચતા પરિણામ થઈ ગયા એના માટે. સ્વરૂપની રુચિ પાસે વિભાવભાવો, સર્વ વિભાવભાવો અરુચતા પરિણામ થયા. એટલે એમાં ઉપયોગ હવે અનાદિથી જતો હતો એ ઉપયોગ હવે ત્યાંથી ખસી જશે.

મુમુક્ષુ :- દ્રવ્યલિંગી ઉપયોગથી ફરવા ઘણો પ્રયત્ન કરે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ એની રુચિ શુભમાં પડી છે. આવશે આમાં. દ્રવ્યલિંગ ધારે. છે, ચોથી લીટી છે. દ્રવ્યલિંગ ધારે. '**પુણ્યની રુચિવાળા...**' દ્રવ્યલિંગ પણ ધારે. પુણ્યની રુચિ કહો, શુભની રુચિ કહો. ત્યાં અશુભ તો છે નહિ દ્રવ્યલિંગીને. એને ત્યાં અશુભ નથી. એને ત્યાં શુભભાવ થાય છે એ રુચે છે. જે શુભભાવ અંદરમાં કષાયની મંદતાના પરિણામ થાય એ એને ગોઠે છે, રુચે છે. ત્યાંથી એને ખસવું ગમતું નથી. એ અંતર સ્વરૂપને ઓળખતો નથી અને એમાં એનો ઉપયોગ આવવાનો સવાલ રહેતો નથી.

મુમુક્ષુ :- મૂળમાં જ ભૂલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જે અનાદિથી નથી થયું તે આ નથી થયું કે ગુણની રુચિ પ્રગટી નથી. વિભાવની રુચિ રહી છે. અશુભની રુચિ ખસીને ક્ષણિક-Temporary શુભની રુચિ થઈ છે. પાછો અશુભની રુચિમાં ચાલ્યો જાય. કેમકે એ તો એક જ જાત છે. જાતફેર નથી થઈ. ઉદય આવે પુણ્યના ફળનો એટલે એમાં સંયોગી દૃષ્ટિ અખંડ રહી હોવાથી, સંયોગી દૃષ્ટિ અખંડ રહી હોવાથી

સંયોગમાં લપેટાઈ જાય છે.

**'અનંત ગુણસ્વભાવ છે, તેની રુચિ થયા વિના ઉપયોગ પરમાંથી પલટીને સ્વમાં આવી શકતો નથી.'** ઈચ્છા કરે કે મારે ઉપયોગ સ્વમાં લાવવો છે. અને સ્વમાં લાવવાનો હું પ્રયત્ન કરું છું. રુચિ ક્યાં પડી છે એ ખબર નથી. અને ઉપયોગને સ્વમાં લાવવાનો હું પ્રયત્ન કરું છું. કહે છે કે એ અવિધિએ પ્રયત્ન ચાલે છે. એ માર્ગની વિધિ નથી. માર્ગ એટલે ઉપાયની એ વિધિ નથી. ખરેખર જે અંતર્મુખ થવાનો ઉપાય છે એમાં તો પહેલા રુચિ પલટો મારે છે. એ ઉપાયની ખબર નથી. અવિધિએ કલ્પનાએ ચડીને ઉપાય કરે છે, કલ્પિત માર્ગને સેવે છે, વાસ્તવિકતાથી દૂર જાય છે. ગૃહીત મિથ્યાત્વમાં જાડું-સ્થૂળ એનું જ્ઞાન અને સમજણ પણ એની સ્થૂળ થતી જાય છે. સ્થૂળ સમજણથી જ એ ઉપડ્યો છે.

જો અંદરમાં પ્રયોજનનો સૂક્ષ્મ દષ્ટિકોણ હોય તો એ જીવને તરત ખ્યાલ આવે કે આ રુચિ બીજે છે અને ઉપયોગ ક્યાંથી ફરશે ? સમજાવવું પડે એ પહેલા એને અંદરમાંથી Alarm વાગે. જાગે. Alarm વાગે ત્યારે જાગે છે ને ? કે આ રુચિ આ બાજુ છે ને ઉપયોગ ફરશે ક્યાંથી ? ઉપયોગ ફેરવવાની મહેનત ખોટી છે. શુભ અને અશુભ પરિણામ થતાં એનો જે અનુભવ થાય છે, ખરેખર તો એનું જ્ઞાન થાય છે પણ એક્તાબુદ્ધિએ એવો ભાસ-આભાસ થાય છે-અનુભવ થાય છે ત્યારે એને એ ગમે છે. એનો સ્વાદ આવે છે. શુભ-અશુભની કષાયની પરિણતિનો પુદ્‌ગલકર્મના વિપાકનો, કર્મ પ્રકૃતિનો જીવને આસ્વાદ આવે છે. એ એને ગમે છે. ગમે છે એટલે ઉપયોગ ત્યાંથી ફરવાની પરિસ્થિતિ રહેતી નથી.

**'પાપ ભાવોની રુચિમાં પડ્યા છે તેની તો શું વાત !'** એમ કહે છે. જેને વિષય-કષાયના પરિણામ રુચે છે એની તો વાત શું કરવી ? જેને ભોગ-ઉપભોગમાં મજા છે, સુખ છે, આનંદ છે અને એમાં જે વધારે ને વધારે વેગથી એની પાછળ ધસે છે. જગત આખાની તો આ પરિસ્થિતિ છે. ગમે એટલી સંપત્તિ હોય તોપણ એને વધારવી અને એનાથી બહારમાં ભોગ-ઉપભોગના સાધન મેળવવા, એને ભોગવવા, એનો આનંદ લેવો, એનું સુખ માણવું એ જ એને ગોઠે છે અને રુચે છે એની તો અહીંયાં અમારે ચર્ચા કરવી નકામી છે કે એને કાંઈ લાભ થશે અને એનો ઉપયોગ આત્મામાં આવશે એ વાત છે નહિ. ભલે અમને રુચિ રહી અશુભની પણ શાસ્ત્રનું જ્ઞાન તો છે કે નહિ ? એ શાસ્ત્રનું જ્ઞાન શુષ્કજ્ઞાન છે. આત્માની રુચિ વિનાનું શાસ્ત્ર જ્ઞાન છે એ બધું શુષ્કજ્ઞાન છે. એ જ્ઞાન તેને નુક્સાન કરશે. આ તો કાચો પારો છે. પચાવવો અઘરો છે. એમ ને એમ અવિધિએ સેવન કરવાથી જેમ કાચો પારો કોઈ ખાય અને શરીરે ફૂટી નીકળે એમ કહે છે ને ? એને રોગ થઈ જાય. એમ અવિધિએ જો એને હાંસલ કરવા જાય તો મોટી ગડબડ થાય. નાની થાય નહિ પણ મોટી ગડબડ થાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બીજું રુચે છે. આત્મા સિવાયના દ્રવ્યભાવ ઉદયમાન જે પરિણામ છે, ધારાવાહી ઉદય ચાલે છે જીવને, સંસારી જીવને ધારાવાહી ઉદય ચાલે છે, શુભાશુભ પરિણામમાં એને ઠીકપણું, ઈષ્ટપણું લાગે છે એ એને અનાત્માની રુચિ છે. જે પરિણામ નુક્સાનનું કારણ છે એ રુચે છે. એના જેવું બીજું મોટું અજ્ઞાન કયું ? જે નુક્સાન કરનાર છે એની સાથે મૈત્રી કરે છે, એની રુચિ કરે છે. એને છોડવા માગતો નથી એનો અર્થ એમ છે. રુચિ કરે છે એટલે ? એને છોડવા ચાહતો નથી. એ આત્માની અરુચિને પ્રસિદ્ધ કરે છે.

**'પાપ ભાવોની રુચિમાં પડ્યા છે તેની તો શું વાત ! પણ પુણ્યની રુચિવાળા બાહ્ય ત્યાગ કરે, તપ કરે, દ્રવ્યલિંગ ધારે...'** ઓલાનો તો પત્તો જ નહિ ખાય એમ કહે છે. જેને ભોગ-ઉપભોગ રુચે છે એનો તો પત્તો જ નહિ લાગે. **'પણ પુણ્યની રુચિવાળા...'** શુભભાવ થાય,

વિશેષપણે એ કરવા માગે, એમાં આગળ વધવા માગે, વધુ ને વધુ કરવા ચાહે. બહારમાં ત્યાગ કરે એ પરિણામને પણ વધારવા ચાહે, બહારનું તપ કરે એ પરિણામને પણ વધારવા ચાહે. આમાં સિદ્ધાંત શું છે ? કે જે ભાવથી મુક્ત થવું છે, જે ભાવથી છૂટવું છે એની પક્કડ તને શું લાભ કરશે ? એની મદદ તને શું કામ લાગશે ? એની મદદથી તું આત્મકાર્ય કરવા માગે છો. એ નહિ થઈ શકે. જેનાથી છૂટા પડવું છે એની મદદ મેળવવી ? બે વાત વિરૂદ્ધ છે. બેયને મેળ ખાતો નથી.

શુભાશુભ પરિણામની કિંમત ઊડી જવી જોઈએ. મોક્ષમાર્ગને વિષે અશુભની કિંમત તો ખેર છે જ નહિ, પણ શુભની કિંમત પણ એક વખત એના અભિપ્રાયમાંથી ખલાસ થયા વિના એને શુદ્ધતાનો માર્ગ છે, એની દિશા સૂઝે એવું નથી. માર્ગનું અલ્પ પણ અંશે પણ ભાન થવું એ આ અભિપ્રાયને પકડીને, ઊંધા અભિપ્રાયને પકડીને થઈ શકે નહિ. એની કિંમત તો એને છૂટી જવી જોઈએ. શુભ અને શુભના ફળ દેવલોક પર્યંતના હો, અનંત વાર થઈ ગયા એની કોઈ કિંમત નથી. હવે જે કાંઈ કરવું છે એ અપૂર્વ કરવું છે. એ સ્થિતિએ એને આવવું જોઈએ.

**'પુણ્યની રુચિવાળા બાહ્ય ત્યાગ કરે, તપ કરે, દ્રવ્યલિંગ ધારે તોપણ શુભની રુચિ છે ત્યાં સુધી ઉપયોગ પર તરફથી પલટીને સ્વમાં આવી શકતો નથી.'** કોઈ એમ કહે કે પણ આટલું આટલું કરે એની તમને કાંઈ કિંમત નહિ ? પણ હવે ઘણા હિમાલય ચડે છે એની શું કિંમત છે ? આ જાય છે ને માઉન્ટ એવરેસ્ટ ચડવા. આટલું બધું સાહસ કરે એની કાંઈ કિંમત નહિ ? એક ભાઈ હમણા દોડે છે. 'અમદાવાદ' થી 'દિલ્હી'. દુનિયાભરમાં દોડી આવ્યા અને હજી દોડ્યા જ કરે છે. એની Practice હજી છે. ઉંમર છે ૭૫-૮૦ વર્ષની. ૭૬ વર્ષ આસપાસ એની ઉંમર છે. દોડવાનો જ એનો ક્રમ છે. હમણા 'અમદાવાદ' થી 'દિલ્હી' દોડ્યા. કેટલી કિંમત એની કહો ? બહુ દોડી શકે છે.

મુમુક્ષુ :- એ તો અશુભમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, આ તો એક શું છે કે કેટલાક પરિશ્રમો એવા છે, દૃષ્ટાંત એ લેવો છે, કેટલાક પરિશ્રમ એવા છે કે જેનું કોઈ રચનાત્મક મૂલ્ય નથી. એનાથી જગતને શું ફાયદો છે ? એક માણસ બહુ દોડી શકે છે એથી જગતને શું ફાયદો છે ? એને શું ફાયદો છે ? અનેક પ્રકારના એવા વ્યર્થ પરિશ્રમ છે એ જગતમાં કરે છે, એમ કોઈ તપ-ત્યાગનો પણ વ્યર્થ પરિશ્રમ કરે. માને પાછા એને મોક્ષનો માર્ગ કે આમ કરતા ધર્મ થાય છે અને આત્માની મુક્તિ થાય. કર્મ ખરે છે. લ્યો ! તપથી તો કર્મ ખરે કે નહિ ? અહીં તો એ રાગ છે, બંધનનું કારણ છે. કર્મને ખરવાનું કારણ નથી પણ બંધનનું કારણ છે. અને અંતરંગમાં-સ્વરૂપમાં એકાગ્ર થવું એને જે તપ કહે છે એ જ નિર્જરાનું કારણ છે. સૂત્ર છે 'ઉમાસ્વામી' મહારાજનું, તપસા નિર્જરા છે. એ અંતરંગ તપનો વિષય છે. કારણ કે એમણે એ જ ગ્રંથમાં મહાવ્રતાદિના પરિણામને, વ્રતાદિના પરિણામને બંધના કારણ તરીકે ગણાવ્યા છે.

**'દ્રવ્યલિંગ ધારે...'** એટલે જિનદીક્ષા અંગીકાર કરે **'તોપણ શુભની રુચિ છે ત્યાં સુધી..'** અંદરમાં એ જ પરિણામ શુભ થાય છે. દ્રવ્યલિંગીને તો એટલી કષાયની મંદતા થાય કે આજે એવી મંદતા જોવા મળે નહિ. એનો સહસ્રાંશ જોવા મળે નહિ. એ મંદતાને હજારગણી મોટી કરો એટલો ભાગ અત્યારે કષાય મંદ છે એનો જોવા મળતો નથી.

મુમુક્ષુ :- કાંઈક તો ગણો.

પૂજ્ય ભાઈશ્રી :- કહું છું ને કે દોડે.. દોડે.. દોડે... 'અમદાવાદ' થી 'દિલ્હી' શું ગણવું પણ એનું ? કે એથી કોઈ સમાજને લાભ છે ? સમાજને શું લાભ થાય ?

મુમુક્ષુ :- લાભ ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઈ માને કે મને લાભ થયો. એનું સ્વાગત થાય, એને માન મળે એટલા માટે તો કરે

છે. એમ અહીંયાં પણ સમાજની અંદર ગણતરી તો થાય કે આટલો ત્યાગ, આટલું તપ, ફલાણું, ફલાણું ધર્મી મોટા, સંત-મહંત (છે). કહે છે કે એ તને કાંઈ કામમાં આવશે નહિ. અંદરની સુખ અને શાંતિ પ્રગટવા માટે કોઈના આપેલા માનપાન કામમાં આવતા નથી. કોઈ માનપાન આપે એથી અંદરમાં સુખશાંતિ પ્રગટે છે ? એમાં તો દુઃખ થાય છે. ભલે કલ્પે એમાં સુખ, પણ થાય છે એને દુઃખ. ત્યારે પણ અનંતા દુઃખમાં છે. એવી પરિસ્થિતિ આકુળતાની છે.

જેમ 'ગુરુદેવ' તો એ માનવૃત્તિને કૂતરાની વૃત્તિ કહેતા હતા. જેમ કૂતરો ઘરે ઘરે બટકા માટે જાય. પછી કો'ક હડ હડ કરીને કાઢે તો બીજા ઘરે જાય. જઈને ઊભો રહે, વળી કો'ક બટકુ રોટલો નાખે તો. એમ આ જીવ માન મેળવવા માટે જુદા જુદા સ્થાનમાં ભટકે છે, આશા કરે. 'આનંદઘનજી'નું પદ (છે). કૂકર આશાધારી. કૂતરાની જેમ આશા ધારણ કરે છે. આખું પદ છે યાદ ?

મુમુક્ષુ :- ભટકત દ્વાર દ્વાર લોકનકે કૂકર આશાધારી, આતમ અનુભવરસ કે રસિયા, ઉતરે ન કબહુ ખુમારી.

પૂજ્ય ભાઈશ્રી :- કૂકર આશાધારી. એ બરાબર છે. 'ભટકન લોક દ્વાર' લોકોના ઘરે ઘરે ભટકે છે. અહીંથી માન મળે તો સારું, અહીંથી માન મળે તો સારું, અહીંથી માન મળે તો સારું. કહે છે કે એવી પરની અપેક્ષામાં આકુળતા વૃત્તિ અને દુઃખ સિવાય બીજું કાંઈ અનુભવમાં આવી શકે નહિ.

જ્યાં સુધી શુભની રુચિ છે ત્યાં સુધી '**ઉપયોગ પરમાંથી પલટીને સ્વમાં આવી શકતો નથી.**' ત્યાં સુધી જીવને ઉપયોગને ફરવાની જે કુદરતી પરિસ્થિતિ છે, સહજ ઉપયોગ અંતર્મુખ થાય એવું બનતું નથી. આત્માના સ્વરૂપની ઓળખાણના કાળમાં એનું એક આકર્ષણ ઊભું થાય છે. એની રુચિ થાય છે એટલે અત્યંત આકર્ષણ ઊભું થાય છે કે આવો મહાન પદાર્થ તે હું ! આવો મહાન પદાર્થ તે હું ! એમ એને અંદરમાં મહિમા અને આકર્ષણ ઊભું થાય. એ એના ઉપયોગને ખેંચે છે. બહાર જતા ઉપયોગને રોકે છે. એવો અંદરમાં પરમાત્મા બિરાજે છે એ મોટું આકર્ષણનું સ્થાન છે. એને લઈને ઉપયોગ અંદરમાં આવે છે.

માટે પહેલા પરની રુચિ પલટાવવાથી ઉપયોગ પર તરફથી પલટીને સ્વમાં આવી શકે છે. એટલે પહેલા રુચિ ફરે પછી ઉપયોગ ફરે, એમ કહેવું છે. રુચિ ફર્યા વિના કદી કોઈનો ઉપયોગ ફરે એવું બનતું નથી. ભલેને જ્ઞાન, ધ્યાનની ગમે તેટલી મહેનત કરે. ઉપયોગ સ્વમાં લાવવા માટે શું સાધન છે ? કે જ્ઞાન-ધ્યાન કરવું એમ માણસ વિચારે. શાસ્ત્રનું જ્ઞાન અને એકાંતમાં બેસીને ધ્યાન (કરવું). પણ અંદરમાં રુચિ આ બાજુની ઊલટી છે એનો ખ્યાલ ન હોય અથવા ઉદયના પરિણામમાં એને પરિણામ અને પરિણામનો વિષય રુચે છે એમાં જાગૃતિ જ ન હોય. એને ખચકાટ આવવો જોઈએ અંદરમાં. જેમ કોઈ માણસને આંચકો આવે એમ આંચકો લાગવો જોઈએ. એના પરિણામના રસ ઉપર ઘા પડવો જોઈએ. પરિણામમાં રસ ઉત્પન્ન થાય એના ઉપર ઘા પડ્યા વિના, જાગૃતિ આવ્યા વિના ક્યારે પણ એની રુચિ ખરતી નથી, રુચિનો નાશ થતો નથી. રુચિ એમ ને એમ રહે અને જ્ઞાન-ધ્યાન કરે તો એ જ્ઞાન-ધ્યાન કાંઈ કામ આવતા નથી.

'**માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે.**' 'બહેનશ્રીના વચનામૃત'માં આટલું વચન છે. માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે. આવી યથાર્થ વિધિ છે કે પહેલા રુચિ પલટે પછી ઉપયોગ પલટે. કેમ આત્માનું જ્ઞાન થાય અને કેમ ઉપયોગ ફરે, બધું અમે ઘણું જાણ્યું. અધ્યાત્મનો વિષય જાણ્યો, આગમનો વિષય જાણ્યો, બધું બરાબર છે એમ લાગ્યું. પણ એ બધું બરાબર છે એમ તને બુદ્ધિગોચર થયું. હવે એ તો તપાસ કર કે રુચિ ક્યાં છે ?

જગત આખાનું જાણપણું કરવું છે. કહે છે કે એ જાણપણું બંધનનું કારણ થશે. પહેલામાં પહેલા સર્વ વિકલ્પને છોડી દઈને, બીજા સર્વ પ્રયત્નને છોડી દઈને એક સ્વરૂપની ઓળખાણનો પ્રયત્ન કરવો જોઈએ. કે જે ઓળખવાથી એને આત્માની અનન્ય રુચિ પ્રગટે અને તો એનો ઉપયોગ પલટો મારે. નહિતર બીજી કોઈ રીતે આમાં કોઈ સાધન કામમાં આવતું નથી.

મુમુક્ષુ :- રુચિ માટે આત્માને જાણવો ?

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખ્યા વિના કેમ રુચિ થાય ? ગુણભંડાર છે, ગુણની રુચિ પ્રગટે. ઓળખ્યા વગર ગુણની રુચિ ક્યાંથી પ્રગટે ? ઘરમાં હીરો છે એની ખબર ન હોય તો કાચનો કટકો માનીને રખડે. સાચવે કેવી રીતે ? આવડો મોટો હીરો હોય કોહીનુર જેવડો. કાચો. ઓળખાણ ન હોય તો પથરો માનીને ઠેબું મારે. કોઈ જાણકાર હોય તો એમ કહે કે પણ આની કોર ખરે તો લાખોનો ફેર પડે કિંમતમાં. આના કોરમાંથી કણી પડે એના લાખો આવે એવું છે. એમાંથી બીજા હીરાના દાગીના થાય છે. એટલી બધી આ કિંમતી ચીજ છે. પણ ઓળખાણ વગર શું થાય ? એમ આત્માની ઓળખાણ વિના આત્માને રઝળાવે છે. પરમાત્માને ચોર્યાશી લાખ બંદીખાનામાં જેલમાં નાખે છે. ઘડીક આમાં ને ઘડીક આમાં. ઘડીક આમાં અને ઘડીક આમાં. આ પરિસ્થિતિ છે.

૩૬૪ થયો. બહુ મુદ્દાની વાત કરી આમાં. માર્ગની વિધિ. પહેલા કોઈ કાંઈક ક્રિયાએ ચડે છે, કોઈ જ્ઞાનની ક્રિયાએ અને કોઈ શરીરની ક્રિયાએ ચડે છે. એને આ વિષયમાં પ્રકાશ પાડનારો વિષય છે. પહેલા રુચિની બાજુ તો ધ્યાન દે. તું આમ કરવા ચડ્યો અને આમ કરવા મથ્યો પણ રુચિ ક્યાં પડી છે એની તો ખબર નથી. મૂળની વાત છે આ.

મુમુક્ષુ :- રુચિ માટે ખાસ શું ?

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખાણ કરવી એક જ વાત છે. અસ્તિથી આત્માની ઓળખાણનો પ્રયત્ન છે. નાસ્તિથી જેટલા કોઈ ઉદયભાવના પરિણામ છે એમાં હું... રાગરસની મલિનતા એ જ એનું આવરણ છે. એ જ એને ઢાંકે છે. એ આત્માને ઓળખવા દેતું નથી. એટલે ઉદયભાવમાં અરસપરિણામ અને એ અરસપરિણામ થતાં જ્ઞાનથી સ્વરૂપને ઓળખવાની જ્ઞાનલક્ષણ દ્વારા અંદરમાં મહેનત કરવી કે જેથી કરીને એને સ્વરૂપ ઓળખાય તો એની રુચિ ફાટે અંદરથી. એટલી રુચિ અનન્ય થાય કે જગતમાં એક જ વિષય એને થઈ જાય છે. એના માટે રુચિનો બીજો કોઈ વિષય રહેતો નથી. એનો ઉપયોગ સ્વમાં ન આવે એ પ્રશ્ન નથી પછી. પરમાંથી ન ખસે એ પ્રશ્ન નથી. એને સ્વની રુચિ થાય અને ઉપયોગ સ્વમાં ન આવે એ પ્રશ્ન નથી. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- રુચિમાં સોએ સો ટકા.

પૂજ્ય ભાઈશ્રી :- રુચિમાં બીજી ટકાવારી પડતી નથી, ભાગ પડતા નથી. મારી આટલી રુચિ આમાં છે અને હવે આટલી રુચિ આમાં છે. પહેલા પચાસ ટકા હતી હવે ચાલીસ ટકા થઈ ગઈ છે. એવું બનતું નથી. પૂરેપૂરી રુચિ કાં પરમાં છે, શુભાશુભમાં છે કે અને કાં પૂરી રુચિ આત્મામાં છે. આમ છે.

જ્યાં સુધી આત્માની ઓળખાણ નથી ત્યાં સુધી પરની રુચિમાં ફેર પડતો નથી. જ્યાં આત્માની ઓળખાણ થાય છે ત્યાં રુચિ આખેઆખી બદલી જાય છે. પછી ઉપયોગ ક્રમે કરીને બદલાયા વિના રહેતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અસ્તિના વિષયમાં જ્ઞાન છે પોતે. આમાં લીધું છે ને ?

અનાદિથી જ્ઞાનલક્ષણથી આત્માને ઓળખ્યા વિના જ આ જીવે જેટલી કાંઈ પ્રવૃત્તિ કરી છે એ બધી સુખી થવા માટેની વ્યર્થ અને મિથ્યાપ્રવૃત્તિ કરી છે. ૩૯માં છે ? બીજો ભાગ છે. 'સમયસાર'માં છે.

**'આ જગતમાં આત્માનું અસાધારણ લક્ષણ નહિ જાણવાને લીધે.'** આ કારણ છે. **'અત્યંત વિમૂઢ થયા**

**થકા આત્માને નહિ જાણતા એવા ઘણા જનો બહુ પ્રકારે પરને પણ આત્મા કહે છે.**' પરને આત્મા કહે છે. શુભાશુભની રુચિ છે એ જ એનો આત્મા થઈ ગયો. જ્યાં જેની રુચિ છે એ એનો આત્મા છે ખરેખર તો. એ એને આત્માપણે સ્વીકારે છે. અને આખું જે પરમાત્મતત્ત્વ પોતે સ્વરૂપે છે એનો એમાં અનાદર છે.

'આનંદઘનજી'એ લીધું છે ને ? દ્વેષ અરોચકભાવ. ('ગુરુદેવશ્રી') એ વિષય બહુ કહેતા. એવી છે. દ્વેષ અરોચકભાવ. આત્માની અરુચિ છે તે પરમાત્મા આત્મા પ્રત્યે દ્વેષ છે. પણ હું તો રોજ પરમાત્માની પૂજા કરું છું, ભગવાનની પૂજા કરવા જાઉં છું મંદિરમાં. મને કાંઈ દ્વેષ હોય ભગવાન ઉપર ? મૂળમાં તારા ભગવાન ઉપર તને દ્વેષ છે પછી તું બીજા ભગવાનને માને છો એ વાત રહેતી નથી. તારી પૂજા પૂજા નથી પણ મોહભજન છે. કહ્યું છે 'દીપચંદજી'એ. પૂજાને મોહભજન કહ્યું છે. ભગવાનને એ મોહથી ભજે છે. એ જ્ઞાનથી અને રુચિથી ભજતો નથી.

મુમુક્ષુ :- હું શુદ્ધ છું, બુદ્ધ છું એ બધા વિચારો.

પૂજ્ય ભાઈશ્રી :- બુદ્ધ છું એમાં જ્ઞાન છું એમ આવ્યું ને. બુદ્ધ છું એમાં જ્ઞાન છું. અને એકલો જ્ઞાનમય છું તે શુદ્ધ છું. કેવળજ્ઞાનમય છું તે શુદ્ધ છું. જ્ઞાન છે એ અસાધારણ લક્ષણ છે. બીજા બધા જેટલા કોઈ વિશેષણો અને જેટલી કોઈ આત્માની વિશેષતાઓ છે તેનાથી અસાધારણપણું નથી. ઓળખવા માટે તેનાથી અસાધારણપણું નથી. એ જ્ઞાન જ અસાધારણ લક્ષણ છે કે જેના દ્વારા આખો આત્મા, અખંડ આત્મા, પરિપૂર્ણ આત્મા પરમતત્ત્વ ઓળખવામાં આવે છે.

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનો ૮૩મો જન્મ જયંતિ મહોત્સવ આનંદોલ્લાસપૂર્વક સંપન્ન

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનો ૮૩મો જન્મ જયંતિ મહોત્સવ તા. ૧૪-૧૨-૨૦૧૫ થી તા. ૧૮-૧૨-૨૦૧૫ સુધી અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો. આ મહોત્સવના ઉપલક્ષમાં પાંચ દિવસનું મંડલ વિધાન રાખવામાં આવ્યું હતું અને પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચનો રાખવામાં આવેલા.

તા. ૧૭-૧૨-૨૦૧૫ના દિવસે એક ભવ્ય જિનેન્દ્ર રથયાત્રાનું આયોજન કરવામાં આવેલું, જે શહેરના મુખ્ય માર્ગ પર ફરતી સાંજે પાંચ વાગે જિનમંદિરમાં સમાપ્ત થઈ. પારણા ઝુલન, જન્મ વધામણા ઈત્યાદિ કાર્યક્રમો ભક્તિ સહિત ઉજવવામાં આવ્યા. તા. ૧૮-૧૨-૨૦૧૫ના દિવસે પૂજ્ય ભાઈશ્રીના 'અનુભવ પ્રકાશ' ગ્રંથ ઉપરના સળંગ પ્રવચનો 'અનુભવ પ્રકાશના કિરણો' ભાગ-૭, ૮ તથા ૯ પ્રકાશિત કરવામાં આવ્યા.

આ પ્રસંગે કોલકાટા, આગ્રા, મુંબઈ, અમદાવાદ, સોનગઢ વગેરે સ્થળોથી મુમુક્ષુઓ પધાર્યા હતા.

## નવીન પ્રકાશન

**'આત્માવલોકન' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનોના કાર્યનો પ્રારંભ કરવામાં આવેલ છે. આ પ્રવચનો કુલ છ ભાગમાં પ્રકાશિત કરવામાં આવશે. ત્યારબાદ 'ચિદ્‌વિલાસ' ગ્રંથ ઉપરના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના છે.**

## ‘દ્રવ્યદષ્ટિ પ્રકાશ’ વચનામૃતો

અરે ભાઈ ! શું હોવું જોઈએ ! છોડી દે બધી વાતો જાણવાની. હું તો ત્રિકાળી જ છું, ઉત્પાદવ્યય કંઈ મારામાં છે જ નહિ. (૮૮)

❀

અજ્ઞાની પર્યાયમાં જ અહંપણું, સંતોષ, અધિકતા આદિ રાખે છે. પર્યાયમાં ઉલ્લાસ તો છે ને ! પર્યાયમાં વિશેષતા તો છે ને ! આ પર્યાયે દ્રવ્યનું માહાત્મ્ય તો કર્યું ને ! પર્યાય અંદરમાં તો ઢળે છે ને ! એમ ને એમ કોઈ પણ પ્રકારે પર્યાયમાં જ વજન રાખે છે. પરંતુ પર્યાયથી હઠીને હું તો ત્રિકાળી દળ જેવો ને તેવો છું, પરિણામ માત્ર મારામાં નથી, એ રીતે ધ્રુવપણામાં અધિકતા સ્થાપતો નથી. કેમ કે વેદનમાં તો પર્યાય આવે છે અને દ્રવ્ય તો અપ્રગટ છે, તેથી અપ્રગટને તો દેખતો નથી, પર્યાયમાં જ અહંપણું રાખે છે, પરંતુ અહીં તો કોઈ પણ પર્યાય હોય, સુખ અનંત હોય, અથવા જ્ઞાન અનંત હોય, અથવા વીર્ય અનંત હોય તોપણ મને કાંઈ પરવા નથી. હું તો સુખસ્વરૂપ જ સ્વભાવથી છું, એમ ધ્રુવસ્વભાવમાં જ અધિકપણાનું વેદન કરવાનું છે અને શુદ્ધ પર્યાયો પણ ગૌણ કરવાની છે ગૌણપણે વેદન કરવાની છે. ધ્રુવવસ્તુમાં અહંપણું સ્થાપિત કર્યા વિના, પર્યાયથી એકત્વ છૂટી શકતું નથી. (૯૬)

❀

(શાસ્ત્રમાં) મુનિને માટે એમ કહ્યું છે કે બીજા મુનિ બીમાર હોય તો વૈયાવૃત્ય કરવી. તે તો વિકલ્પ હોય તો એવો હોય એની વાત છે. (પોતામાં) એકાગ્ર થઈ જાય તો પહેલાં તો તે જ કર્તવ્ય છે, વિકલ્પ કર્તવ્ય નથી. (૧૫૫)

❀

(શ્રોતા) : સાક્ષીભાવ રહેવો જોઈએ ?

(સોગાનીજી) : અમે તો સાક્ષીભાવમાં પણ નથી આવતા. અમે તો એવી ભૂમિસ્થળ છીએ, જ્યાંથી એવો એક સાક્ષીભાવ તો શું, અનંતા સાક્ષીભાવ ઉઠતા રહેશે. એક સમયના સાક્ષીભાવમાં હું આખેઆખો આવી જાઉં તો મારો નાશ થઈ જાય. સાક્ષીભાવમાં (સાક્ષીભાવના વિકલ્પમાં પણ એકત્વ કરવું નહિ. જ્યાંથી તે (સાક્ષીભાવ) ઉઠે છે, તે ભૂમિ નક્કર સ્થળ તે જ હું છું. (૧૭૯)

❀

‘હું વર્તમાનમાં જ પરિપૂર્ણ છું’ પછી (સ્વરૂપમાં તો) મુક્તિનો પ્રયાસ પણ કરવાનો સવાલ નથી. કરવાનું શું છે ? પરિપૂર્ણમાં મુક્તિ શું કરવી ? (૩૨૫)

❀

મોક્ષ થાય–ન થાય તેની દરકાર નથી. (અતીન્દ્રિય) સુખ ચાલુ થઈ ગયું પછી પર્યાયમાં મોક્ષ (તો) થશે જ. (૩૩૫)

❀

એક સમયના પરિણામ બંધ–મુક્તથી વસ્તુ શૂન્ય (રહિત) છે, એમ ‘પરમાત્મપ્રકાશ’માં કહ્યું છે. (૩૬૫)

❀


પ્રશ્ન : એક સમયનો આનંદનો અનુભવ તો પકડવામાં આવતો નથી, તો કેમ ખબર પડે ?

ઉત્તર : અરે ભાઈ ! અનુભવ પોતાને ખ્યાલમાં આવે નહિ, એમ થતું જ નથી. (કેમ કે આનંદના અનુભવકાળમાં નિર્વિકલ્પ ઉપયોગ અસંખ્ય સમયનો હોય છે) પરંતુ તે પરિણામ થયા કે નહિ એવો વિચાર કરી કરીને શું તેમાં સંતોષ માનવો છે ? અરે ! સદાય નિર્વિકલ્પ રહે તોપણ (ત્રિકાળી સ્વભાવની આગળ) તેની મુખ્યતા કરવી નથી. (૩૬૭)

❀

જ્ઞાનના ઉઘાડમાં રસ લાગે છે... તો તત્ત્વરસિક જનો કહે છે કે અમને તારી બોલીમાં રસ આવતો નથી, અમને તારી બોલી કાગપક્ષી જેવી (અપ્રિય) લાગે છે. (૩૭૨)

❀



## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

**પ્રશ્ન :–** છઠ્ઠી ગાથામાં પ્રમત્ત-અપ્રમત્ત રહિત ધ્રુવ જ્ઞાયક કહ્યો તે તો સમજાય છે, પછી બીજા ફકરામાં કહે છે કે જ્ઞેયાકાર અવસ્થામાં જે જ્ઞાયકપણે જણાયો તે સ્વરૂપ-પ્રકાશનમાં પણ કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે. હવે પ્રશ્ન એ છે કે, અહીં ધ્રુવ જ્ઞાયકની વાત ચાલે છે, તો બીજા ફકરામાં અવસ્થાની વાત કેમ લીધી ? તો શું અવસ્થા સમજાવવાની છે કે ત્રિકાળી જ્ઞાયક સમજાવવાનો છે ? બંનેમાં જ્ઞાયક એક જ છે કે જુદા છે ?

**સમાધાન :–** જ્ઞાયક એક જ છે. આચાર્યદેવને જ્ઞાયક જ સાબિત કરવો છે. જ્ઞાયક તે અનાદિનો જ્ઞાયક જ છે. વિભાવ અવસ્થામાં, પ્રમત્ત-અપ્રમત્ત અવસ્થામાં, જ્ઞેયાકાર અવસ્થામાં કે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં તે જ્ઞાયક જ છે. આચાર્યદેવ કહે છે કે અનાદિથી જે વિભાવની પર્યાય થાય છે તેમાં પણ તે જ્ઞાયક રહ્યો છે, અનાદિથી જ્ઞાયકપણું બદલાયું નથી. સ્વતઃસિદ્ધ જ્ઞાયક છે તે સ્વતઃસિદ્ધ જ્ઞાયકપણે જ રહ્યો છે. પ્રમત્ત-અપ્રમત્તની જે દશા છે તે દશામાં પણ જ્ઞાયક જ રહ્યો છે. ચારિત્રદશાના જે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં મુનિઓ ઝૂલે છે એટલે કે ક્ષણમાં સ્વાનુભૂતિ અને ક્ષણમાં બહાર આવે તેવી જે પર્યાયો છે તે સાધનાની દશામાં પણ જ્ઞાયક દ્રવ્ય તો જ્ઞાયકરૂપે જ રહ્યું છે, તે અનાદિથી અશુદ્ધ નથી થયું. તે જ્ઞાન, દર્શન, ચારિત્રથી શુદ્ધપણે ઉપાસવામાં આવતો શુદ્ધ જ છે. જ્ઞાયક, દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરી તો પણ જ્ઞાયક જ છે, ચારિત્રની અવસ્થામાં પણ તે જ્ઞાયક છે, જ્ઞાનની અવસ્થામાં જ્ઞેયાકાર થયો તો પણ તે જ્ઞાયક જ છે. તે જ્ઞેયોને જાણે છે, તો પણ તેનું જ્ઞાયકપણું ફીટતું નથી. સ્વરૂપને જાણતાં નિર્વિકલ્પ દશામાં જાય તો પણ તે જ્ઞાયક છે અને જ્ઞેયોને જાણે તો પણ તે જ્ઞાયક છે, જ્ઞેયોને જાણતાં તેમાં અશુદ્ધતા નથી આવતી. વિભાવ અવસ્થા હોય કે પ્રમત્ત-અપ્રમત્ત અવસ્થા હોય, જ્ઞાયકને કાંઈ અશુદ્ધતા આવતી નથી. શુદ્ધ-અશુદ્ધના ભેદ છે તે પર્યાયના ભેદ છે, દ્રવ્યના ભેદ નથી. એ તો સ્વતઃસિદ્ધ જ્ઞાયક છે. તે બહારમાં જ્ઞેયને જાણતાં પરનું જ્ઞાન વધી ગયું તેથી જ્ઞાનમાં-જ્ઞાયકમાં અશુદ્ધતા આવી ગઈ એવું નથી. અને અંતરમાં જ્ઞાયક ગ્રહણ થતાં સ્વરૂપ પ્રકાશનની સ્વાનુભૂતિની દશામાં પણ જ્ઞાયક તો દ્રવ્ય અપેક્ષાએ જ્ઞાયક જ છે. જ્ઞાયક તે જ્ઞાયક જ છે, જ્ઞેયને જાણે તો પણ જ્ઞાયક છે.

સ્વરૂપ પ્રકાશનમાં પોતે જ કર્તા અને પોતે જ કર્મ એવી પર્યાય પ્રગટ થઈ, છતાં તેમાં પર્યાય સાબિત નથી કરવી પણ જ્ઞાયક સાબિત કરવો છે. તેના સ્વરૂપ પ્રકાશનમાં-નિર્વિકલ્પદશામાં ગયો તો પણ જ્ઞાયક તો જ્ઞાયક જ છે. ભલે તેની સાધનાની પર્યાય-વેદનની પર્યાય-સ્વાનુભૂતિરૂપે પ્રગટ થઈ, તો પણ જ્ઞાયક તે જ્ઞાયક જ છે.

જ્ઞાયક બહારનાં જ્ઞેયોને જુદો રહીને જાણે છે, તેમાં જ્ઞેયકૃત અશુદ્ધતા તેને આવી નથી. તેથી જ્ઞાયક જ છે. તેની પર્યાયમાં અશુદ્ધિ ચારિત્રની અપેક્ષાએ છે, પણ જાણવાની અપેક્ષાએ અર્થાત્ જ્ઞાનના જાણપણાથી અશુદ્ધતા આવતી નથી, કેમ કે તે બહારથી જુદો જ્ઞાયકસ્વરૂપે રહીને અર્થાત્ જ્ઞાયકની હાજરી અને જ્ઞાયકની ધારા રાખીને જાણે છે. તેથી તેમાં અશુદ્ધતા આવતી નથી. અનાદિથી જ્ઞેયની સાથે એકત્વ કરીને જાણતો હતો તોપણ દ્રવ્યમાં અશુદ્ધિ નથી આવતી.

જ્ઞાયક પ્રમત્ત-અપ્રમત્ત અવસ્થામાં પણ જ્ઞાયક છે, દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ પડે તોપણ જ્ઞાયક જ છે અને અનાદિનો અવસ્થામાં વિભાવ છે તો પણ જ્ઞાયક છે. એમ દ્રવ્ય અપેક્ષાએ તે બધી રીતે જ્ઞાયક છે. કર્તા-કર્મનું અનન્યપણું કહીને પણ તેની પર્યાયની વાત કહેવી નથી, પર્યાય કહીને જ્ઞાયક બતાવવો છે. જ્ઞાયક સ્વાનુભૂતિમાં ગયો-નિર્વિકલ્પ દશામાં સ્વરૂપનું વેદન કરે-તો પણ જ્ઞાયક તે જ્ઞાયક છે. જ્ઞાયક જે અનાદિનો વસ્તુસ્વરૂપે છે તે જ્ઞાયક જે છે તે જ છે. જે મૂળ વસ્તુ છે તેમાં દ્રવ્ય અને પર્યાય એવા બે પ્રકાર નથી. મૂળ વસ્તુ જે જ્ઞાયક છે તે જ્ઞાયક જ છે. પર્યાય પલટાય તે જુદી વાત છે, પણ જ્ઞાયક તે જ્ઞાયક જ છે. જ્ઞાનમાં બહારનું જાણ્યું એટલે જ્ઞાયકપણું કાંઈક ઓછું થયું અને અંદરનું જાણ્યું એટલે જ્ઞાયકપણું કાંઈક વધી ગયું અથવા તો બહારનું વધારે જાણ્યું એટલે જ્ઞાયકપણું વધી ગયું અને અંદરનું જાણ્યું એટલે તે ઘટી ગયું એવું કાંઈ નથી. જ્ઞેયાકારથી જ્ઞાયક અશુદ્ધ થઈ ગયો એવું કાંઈ નથી, દ્રવ્ય અપેક્ષાએ જ્ઞાયક તે જ્ઞાયક છે. દ્રવ્ય અનાદિનું છે; તેમાં જેણે દૃષ્ટિ સ્થાપી, તેને જ્ઞાનની પર્યાય હોય કે ચારિત્રની પર્યાય હોય-ગમે તે પર્યાય હોય-તો પણ બધી અવસ્થામાં જ્ઞાયક તે જ્ઞાયક છે-સદાને માટે જ્ઞાયક તે જ્ઞાયક છે. પર્યાય ગમે તે રીતે પરિણમે પણ જ્ઞાયક તે જ્ઞાયક છે એમ કહેવું છે.

જ્ઞાયક સ્વરૂપ-પ્રકાશનમાં પણ જ્ઞાયક, જ્ઞેયાકારમાં પણ જ્ઞાયક, પ્રમત્ત-અપ્રમત્તમાં પણ જ્ઞાયક ને વિભાવની ગમે તે અવસ્થામાં પણ જ્ઞાયક તે જ્ઞાયક છે. અનાદિથી જ્ઞાયક તે જ્ઞાયક જ છે. દ્રવ્યદૃષ્ટિથી સાધનાની પર્યાય પ્રગટ થઈ તો પણ જ્ઞાયક તે જ્ઞાયક છે એમ આચાર્યદેવનું કહેવું છે. **(સ્વાનુભૂતિદર્શન-૪૮૮)**


❀

**ધન્યઆરાધના....**

સ્થિર રહી શકાય છે, આત્મબોધ યથાવત્ જળવાઈ રહે છે. પરંતુ આત્મજ્ઞાનના વિશેષ પરિણામનો/વિકાસનો અનવકાશ થાય છે, એમ સ્પષ્ટ અનુભવાય છે. અને તેથી આત્માને વિષે આકુળ-વ્યાકુળપણું થઈ આવી, આ પ્રવૃત્તિનો ત્યાગ કરવાની વૃત્તિ તીવ્રપણે થઈ આવે છે. તો પણ પોતાનું જ ઉપાર્જિત કર્મ હોવાથી તે સ્થિતિને સમપરિણામે (-જ્ઞાતાભાવે), અદીનપણે (-પુરુષાર્થપરાયણ રહીને), શાંત ભાવે વેદવી-એવો જે જ્ઞાની પુરુષોનો માર્ગ, તેને જ ભજવો છે-એવા સ્મરણથી અને નિશ્ચયથી સ્થિરતા રહે છે અને ઉત્પન્ન થયેલી આકુળતા પણ સમાપ્ત થાય છે.

અંતરંગ પરિણામોને વ્યક્ત કરતાં અત્રે તેઓશ્રી લખે છે કે, અમે એવા અવસરની ભાવના ભાવીએ છીએ કે સંપૂર્ણ નિવૃત્તિમાં રહેવાય અને એકાંતે આત્મભાવે પરિણમીએ; અથવા આત્માનો જ વિચાર; આત્મારૂપે થયા છે તેવા જ્ઞાનીપુરુષોની અંતરદશાનું સ્મરણ; તેમના પ્રચંડ પુરુષાર્થના માહાત્મ્યની ચર્ચા; તેમના પ્રત્યે અત્યંત ભક્તિ; અને આત્મભાવ સિવાય બીજો અવકાશ નથી તેવા તેમના આત્મચારિત્ર પ્રત્યે આકર્ષણ રહે, અને તેવા જ પરિણામોમાં સમય વ્યતીત થાય;- તેવા કાળની અત્યંત આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરીએ છીએ. અખંડ આત્મધૂનના એકતાર પ્રવાહ પૂર્વક અર્થાત્ આત્મસ્વરૂપની ખંડિત ન થાય તેવી ધૂન અને ધગશયુક્ત એકધારી પરિણતિના પ્રવાહ પૂર્વક જ્ઞાનીપુરુષોની આત્મ વ્યાખ્યાની વાણી, અને તેમના સિદ્ધાંતવચનો, અને તેમના અપૂર્વ અપૂર્વ ભાવોને અતિ અતિ ભક્તિએ પ્રણામ કરીએ છીએ. અને તેવા જ પરિણામ-પ્રવાહમાં રહેવાની આતુરતા રહ્યા કરે છે. પરંતુ બીજી બાજુ પ્રવર્તમાન દ્રવ્ય, ક્ષેત્ર, લોકસ્થિતિ અને પોતાનો ઉદય જોઈ, આ ભાવના ઉપર તીવ્ર પ્રહાર થાય છે અને ઉક્ત વિચાર મૂર્છાવત્ થઈ જાય છે.

આ પત્રમાં તેઓશ્રીની આભ્યંતરદશામાં, પૂર્વોપાર્જિત કર્મોદય સામે પ્રચંડ પુરુષાર્થથી તેઓ ઝઝૂમી રહ્યા છે અને ભવચ્છેદ કરી સાધક દશામાં વિજયનો ઝંડો ફરકાવતાં ફરકાવતાં મોક્ષ પ્રત્યે આગળ વધી રહ્યા છે-આગળ ધસી રહ્યા છે. નમસ્કાર હો તેઓશ્રીના પરમ પ્રચંડ પુરુષાર્થને !




**૪૬૫**

**મુંબઈ, શ્રાવણ વદ ૫, ૧૯૪૯**

**'... (નિવૃત્તિ માટે) ક્યા ક્ષેત્રે જઈ સ્થિતિ કરવી, તે વિચાર હજુ સુધી સૂઝી શક્યો નથી. વિચારના પરિણામની સ્વાભાવિક પરિસ્થિતિ ઘણું કરી રહ્યા કરે છે. તેને વિશેષ કરી પ્રેરકપણું થઈ શકતું નથી.'**

**'...આજ દિવસપર્યંતમાં ઘણા પ્રકારનો ઉપાધિયોગ વેદવાનું બન્યું છે અને જો ભગવત્કૃપા ન હોય તો આ કાળને વિષે તેવા ઉપાધિજોગમાં માથું ધડ ઉપર રહેવું કઠણ થાય, એમ થતાં થતાં ઘણીવાર જોયું છે;...અમે તો તે ઉપાધિજોગથી હજુ ત્રાસ પામ્યા કરીએ છીએ; અને તે તે જોગે હૃદયમાં અને મુખમાં મધ્યમાં વાચાએ પ્રભુનું નામ રાખી માંડ કંઈ પ્રવર્તન કરી સ્થિર રહી શકીએ છીએ. સમ્યક્ત્વને વિષે અર્થાત્ બોધને વિષે ભ્રાંતિ પ્રાયે થતી નથી, પણ બોધના વિશેષ પરિણામનો અનવકાશ થાય છે, એમ તો સ્પષ્ટ દેખાય છે, અને તેથી ઘણીવાર આત્મા આકુળવ્યાકુળપણાને પામી ત્યાગને ભજતો હવો; તથાપિ ઉપાર્જિત કર્મની સ્થિતિને સમપરિણામે, અદીનપણે, અવ્યાકુળપણે વેદવી એ જ જ્ઞાની પુરુષોનો માર્ગ છે, અને તે જ ભજવો છે, એમ સ્મૃતિ થઈ સ્થિરતા રહેતી આવી છે. એટલે આકુળાદિ ભાવની થતી વિશેષ મૂંઝવણ સમાપ્ત થતી હતી.'**

**'આખો દિવસ નિવૃત્તિના યોગે કાળ નહીં જાય ત્યાં સુધી સુખ રહે નહીં, એવી અમારી સ્થિતિ છે. 'આત્મા આત્મા' તેનો વિચાર, જ્ઞાનીપુરુષની સ્મૃતિ, તેના માહાત્મ્યની કથાવાર્તા, તે પ્રત્યે અત્યંત ભક્તિ, તેમના અનવકાશ આત્મચારિત્ર પ્રત્યે મોહ, એ અમને હજુ આકર્ષ્યા કરે છે, અને તે કાળ ભજીએ છીએ.'**

**'... આત્મસ્વરૂપમાં ભક્તિ, ચિંતન, આત્મવ્યાખ્યાની જ્ઞાનીપુરુષની વાણી અથવા જ્ઞાનીનાં શાસ્ત્રો કે માર્ગાનુસારી જ્ઞાનીપુરુષના સિદ્ધાંત, તેની અપૂર્વતાને પ્રણામ અતિ ભક્તિએ કરીએ છીએ. અખંડ આત્મધૂનના એકતાર પ્રવાહપૂર્વક તે વાત અમને હજી ભજવાની અત્યંત આતુરતા રહ્યા કરે છે; અને બીજી બાજુથી આવાં ક્ષેત્ર, આવા લોકપ્રવાહ, આવા ઉપાધિજોગ અને બીજા બીજા તેવા તેવા પ્રકાર જોઈ વિચાર મૂર્છાવત્ થાય છે.'**

ઉદયભાવમાં પણ અકર્તાપણે જ્ઞાનદશામાં સહજ પરિણમન હોય છે. તે પ્રકાર તેઓશ્રીના ઉક્ત વચનોમાં પ્રદર્શિત થાય છે કે, નિવૃત્તિ ક્ષેત્ર સંબંધી અવારનવાર વિચારના પરિણામોની સ્વાભાવિક પરિણતિ રહ્યા કરે છે પરંતુ પ્રેરકપણું થઈને તેવા વિચારો થઈ શકતા નથી અર્થાત્ 'વિચરે ઉદય પ્રયોગ' એવી સ્થિતિના અહીં દર્શન થાય છે.

છેલ્લા દોઢ વર્ષ દરમ્યાન ઘણા પ્રકારનો ઉપાધિયોગ રહ્યો છે. અહીં ભાષા પ્રયોગ જોતાં એમ લાગે છે કે વ્યાપાર આદિ પ્રસંગમાં અનેક પ્રકારની મોટા પ્રમાણમાં ઉથલપાથલ થઈ હશે કે જેમાં નિશ્ચય ઉપયોગે વર્તતાં વર્તતાં પણ ક્વચિત્ પુરુષાર્થના પરિણામ મંદતાને પામી જાય. કૃપાળુદેવને પણ એવો સ્પષ્ટ અનુભવ અહીં થઈ રહ્યો છે કે ભગવત્કૃપા એટલે નિજપરમાત્માની કૃપા એટલે સહજ આત્મિક પુરુષાર્થ ન હોત તો આવા ઉપાધિયોગમાં જ્ઞાનદશાથી ચ્યુત થઈ જવાય ( ધડ ઉપર માથું ન રહી શકે). એમ થતાં (ભૂત કાળમાં) પોતે ઘણીવાર જોયું છે. જોકે પોતાને વિષે તો તેમ થયું નથી, પરંતુ દશાનીવિશેષતા થવામાં અંશતઃ આવરણ આવવા જેવું થાય છે. આવાં પ્રકારનાં ઉપાધિયોગથી પોતાને ઘણો ત્રાસ થાય છે. અને તેથી તેવા પ્રસંગોમાં હૃદયમાં એટલે અંતરમાં અને બાહ્ય વિકલ્પમાં પણ આત્મસ્વરૂપની સાવધાની અને સંભાળ રાખી માંડ કાંઈક પુરુષાર્થનું પ્રવર્તન કરી

**અનુસંધાન પૃષ્ઠ સંખ્યા-૧૮**